Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# હિમાંશી શેલતની વાર્તાઓમાં નારીસંવેદન

ડૉ. ક્રિશ્નાબેન કે. શાંડપા
આસિ.પ્રોફેસર,ગુજરાતી વિભાગ
ડી.એન.પી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા

---

સાહિત્યમાં ૧૯૬૦ પછી વિશ્વભરમાં એવી આબોહવા બાંધતી ગઈ જેમાં સ્ત્રી, પુરુષ કરતાં કોઈ પણ રીતે ઊતરતી હોવાના રૂઢ થયેલા ખ્યાલ સામે વિરોધનો સૂર પ્રગટ થયો. પિતૃસત્તાક સંસ્કૃતિમાં નગણ્ય સ્થાન ધરાવતી નારીએ પોતે વ્યક્ત થવાનું પસંદ કર્યું.

નારીચેતના અને નારીસંવેદના આપણા નારીવાદી સાહિત્ય સંદર્ભે વારંવાર વપરાતી સંજ્ઞાઓ છે. આ બંને સંજ્ઞાઓને આમ તો સ્ત્રીના ભાવ વિશ્વ સાથે સંબંધ છે. પણ સંવેદનનો વ્યાપ મોટો છે. અને એમાં સ્ત્રીઓ જે અનુભવી શકે તેવી તમામ ઊર્મિઓ સમાવિષ્ટ છે. નારીસંવેદના અને નારીની એકલતાના અનેક પરિમાણો આલેખતા હિમાંશી શેલતની વાર્તાઓમાં સ્ત્રીની વિવિધ રંગી છબી ઝિલાઈલી છે. જેમાં ખમી ખાવાની, સમાધાન કરવાની, જતુ કરવાની, વેચવાની, ચાહવાની વગેરે આંતરિક તાકાતને આલેખતા આ વાર્તાકાર સ્ત્રીના નકારાત્મક પાસાને પણ પુરા તાટસ્થ્યથી  આલેખ છે.  સાંપ્રત પ્રશ્નોને આલેખથી વાર્તાઓમાં ક્યારેક જરાક અધિનિવેશ યુક્ત વલણ ડોંકાઈ જાય છે.  પરંતુ વાર્તા કળાનું સૂત્ર કોઈ જગ્યાએ સર્જકના હાથમાંથી સરી જતું દેખાતું નથી.

અનુઆધુનિક યુગના મહત્વના લેખિકા હિમાશી શેલતનો જન્મ ઈ.સ. ૧૯૪૭ના રોજ સુરતમાં થયો હતો. ૪૭મા જન્મી એટલે સ્વાતંત્રતાને વધાવવા પાડેલું મારું પહેલું નામ મુક્તિ. રાશી નામ મળ્યું એ પાછળથી.  હિમાંશીબેન શેલતનો  સુખી કુટુંબમાં ઉછેર થયેલો . લેખિકાના જીવનમાં પુસ્તકનો વારસો પહેલેથી જ રહેલો જોઈ શકાય છે.  દાદાજી દૈનિકમાં તંત્રી એટલે પુસ્તકો તો ઘરમાં આવતા જ રહે.  સમગ્ર પરિવારને પુસ્તક સાથે અનોખો નાતો રહેલો જોઈ શકાય છે.  પરિવારનું વિદ્યાવ્યાસંગ હિમાંશુ શેલતને સાહિત્યકાર તરીકે ઘડવામાં અગત્યનો ફાળો બની રહે છે.  અધ્યાપન ઉપરાંત તેઓ સમાજ સેવાના કાર્યમાં પણ સંકળાયેલા હતા. જેમાં ઝુપડપટ્ટીમાં વસતા બાળકો, સ્ત્રીઓ સાથે વાત કરવી, પ્લેટફોર્મ પરના બાળમજૂરોની જોડે

સમય ફાળવવો વગેરે  કાર્ય માટે વધારે સમય આપી શકાય એટલે ઇ. સ. ૧૯૯૪માં અધ્યાપન ક્ષેત્રેથી સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી સેવા પ્રવૃત્તિનું ગમતું કાર્યક્ષેત્ર પસંદ કર્યું. ૧૯૯૫માં ઝવેરચંદ મેઘાણીના પુત્ર વિનોદ મેઘાણી સાથે એમણે લગ્ન કર્યા.

હિમાંશુ શેલત  માત્ર ઉત્તમ વાર્તાકાર જ નહીં પણ નવલકથા ક્ષેત્રે પણ તેમનું પ્રદાન રહ્યું છે.  એટલું જ નહીં નિબંધ, સ્મરણકથા, આત્મકથા, બાળસાહિત્ય, વિવેચન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પણ સવિશેષ સાહિત્યિક પ્રદાન કરેલું જોવા મળે છે. તેમની નવલકથાઓમાં 'આઠમો રંગ' 'ક્યારીમાં આકાશ પુષ્પ અને કાળાં પતંગિયા', 'સપ્તધારા' વગેરે નિબંધમાં 'વિક્ટર', 'એકડાની ચકલીઓ', 'ડાબે હાથે', બાળસાહિત્યમાં  'ગણપતની નોંધપોથી', 'આનંદી ભજવીએ', 'સોનું અને માઓ', 'રમતા ભમતા' – ભાગ ૧-૨,  વગેરે  વિવેચનમાં 'પરાવાસ્તવવાદ', 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના', 'સલામત બાળપણની શોધમાં' વગેરે સંપાદનમાં  'સ્વામી અને

સાંઈ ', 'અંતર છબી'  (વિનોદ મેઘાણી સાથેન), '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ', 'નાયિકા પ્રવેશ', 'અડધા આકાશનો રંગ', 'પહેલો અક્ષર', 'નવલિકાચયન-૨૦૦૭', 'લી. હું આવું છું ભાગ:૧-૨', (વિનોદ મેઘાણી સાથે)વગેરે  અનુવાદમાં  'પ્રતિરૂપ', 'દ્રુતવિલંબિત', 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર- મહેન્દ્ર દેસાઈ', 'ગરીબ પણ છૈયે કેટલા બધા', સ્મરણકથામાં - ' ફ્લેટ ફોર્મ નંબર ચાર',  આત્મકથા- 'મુક્તિ-વૃત્તાંત' વગેરે તેમની પાસેથી ગુજરાતી સાહિત્યના અનેક સ્વરૂપમાં થયેલું ખેડાણ જોઈ શકાય છે.

ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે સુરેશ જોશીથી આરંભ આધુનિકતાવાદી વિચારણાની પ્રભાવકતા 1980 પછી ઓસરવા લાગે છે.  આધુનિકતાની પ્રતિક્રિયા રૂપે આવેલ અનુઆધુનિકતાવાદનો સમય કૃતિની સ્વતંત્રતા ઉપરાંત કૃતિના સંદર્ભ પરિવેશો અને પરંપરાનો મહિમા સ્વીકારે છે.  આધુનિકતાવાદ અને અનુઆધુનિકતાવાદની પરિવર્તિત સમય દરમિયાન રચાયેલું સાહિત્ય 'પરિષ્કૃત' જેવું નામાભિધાન પણ પામ્યું હતું.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

હિમાંશી શેલત પાસેથી 'અંતરાલ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'એ લોક', 'સાંજનો સમય', 'ખાંડણીયમાં માથું', 'ગર્ભગાથા', અને 'ઘટના પછી' વગેરે વાર્તાસંગ્રહમાં નારીસંવેદનાને વ્યક્ત કરતી વાર્તાઓ જોવા મળે છે.

- ❖ અંતરાલ
- ❖ અંધારી ગલીમાં સફેદ ટપકાં
- ❖ એ લોક
- ❖ સાંજનો સમય
- ❖ ખાંડણીયમાં માથું
- ❖ ગર્ભગાથા
- ❖ ઘટના પછી

### ❖ અંતરાલ :

હિમાંશી શેલતનો પ્રથમ વાર્તાસંગ્રહ 'અંતરાલ' છે. જેમાં 19 વાર્તાઓનો સમાવેશ થયેલો જોઈ શકાય છે. નારીકેન્દ્રી અને નારીચેતનાની અભિવ્યક્તિ સાધતી વાર્તાઓમાં નીચે મુજબ છે.

- ઇતરા
- એકાંત
- અકબંધ
- દાહ
- અવલંબન

……….. વગેરે વાર્તાઓનો સમાવેશ થાય છે.

**❖ ઇતરા :**

'ઇતરા' વાર્તામાં પ્રિય પાત્રની સાથે સતત ન જોડાય શકવાનું દુઃખ સ્ત્રીનું ચિત્ત સહન કરી શકતું નથી. તેની વ્યથાનું આલેખન પ્રસ્તુત વાર્તામાં કરવામાં આવ્યું છે. અહીં લેખિકાએ પરણીત પુરુષ સાથેના સ્ત્રીના સંબંધની નીતિ કે સમાજની દ્રષ્ટિએ સંબંધોના મૂલ્યનો વિચાર

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

નથી કર્યો. વાર્તામાં લેખિકાએ નાયિકાના મનોભાવોનું વર્ણન કર્યું છે. પરણીત મુકુંદ સાથેના સંબંધને કોઈ નામ કે દરજ્જો આપી શકાય તેમ નથી કે નથી કોઈ અસામાજિક સ્વીકૃતિની શક્યતા, છતાં શરૂઆતમાં પ્રેમના આવેશમાં અંધ બનેલી નાયિકાએ આ રીતે મુકુંદ સાથેના જીવનના રસ્તા ને જ ફૂલોની બિછાતવાળો કલ્પ્યો હતો. તે હવે વિસામા વગરનો થાક આપનારો બની રહ્યો. તે વિચારે છે "અજાણ્યા બનવાનું, સમજદાર થવાનું, મર્યાદા, વાસ્તવિકતા, લાચારી, ડાહપણ, બધાનો ભાર ખંભે નાખીને ચાલ્યા કરવાનું અને આમ આ ટૂંકા દિવસની સાંજ પડી જવાની પણ વિસામો આવવાનો નહીં"૧ નાયિકા તીવ્રવેદના અનુભવથી પરણીત મુકુંદની જિંદગીમાં તે માત્ર ઈતરા જ બની ચૂકી છે. આ અનુભૂતિ કોઈને કહી પણ ન શકાય તેવી વ્યથામાં ડુબાડે છે. અહીં નાયક મુકુંદનો તો સંસાર સરસ રીતે ચાલે છે. પરંતુ નાયિકાનો સંસાર મુકુંદ છે. જે કોઈને કહી પણ નથી શકતી તેની વેદનાનો ભાર અસહ્ય રીતે અનુભવે છે.

૧ . અંતરાલ – પૃષ્ઠ નં- ૨

❖ **એકાંત**

પ્રસ્તુત વાર્તાનું શીર્ષક જ નાયિકાના એકાંત મનોવિશ્વાનો ઉલ્લેખ કરી આપે છે. વાર્તામાં નવી પરણીને સાસરે ગયેલી નાયિકાના મનોજગતની કથા છે. નાયિકા આ ભર્યા ભર્યા ઘરમાં આનંદ માણી શકતી નથી. કદાચ આટલા કહેવાતા સુખને ન માની શકતું તેનું મન બીજાને મન આશ્ચર્ય સર્જી શકે છે. પરંતુ આવા એકાંતમાં જ આનંદથી રહેવાની તેની ટેવ પાછળ તેનો ઉછેર પણ કારણરૂપ હોઈ શકે. નાયિકાનો પતિ 15 દિવસ માટે બહાર ગયેલો છે. ત્યારે એકાંતમાં ગાળેલા 15 દિવસ નાયિકાના જીવનના મનોજગતને ખોલી નાખે છે. એકાંતની ગાળેલી આ મધુર ક્ષણોમાં ધીરેનને પણ પ્રવેશ શક્ય નથી. આમ એકાંતની તીવ્ર ઝંખના પાછળ કોઈ માનસિક ભૂમિકા આલેખાય નથી. તેથી કદાચ સંવેદન 'વાયવ્ય' બની જતું લાગી શકે.

❖ **દાહ** :

વાર્તામાં કમળીની માતાનું મૃત્યુ સળગીને થયું છે. બાના શરીર પરની અગ્નિજ્વાળાઓનો દાહ પોતે આટલા વર્ષો પછી પણ કમળી એટલી જ તીવ્રતાથી અનુભવે

છે. "બા શેની? એક કાળો બિહામણો, ઓળખાય નહીં, એવો દેહ. બળતાં માંસની અસહ્ય ગંધ..ના,બાને ભેટીને રડાઈ એવું નહતું. પાસે બેસીને એકવાર માથે કે મોંએ હાથ ફેરવાય એવું પણ નહતું એણે આંખો સજ્જડ મીંચી દીધેલી." ૨ અસહ્ય વેદનાનો અનુભવ કરતી કમળીને બીજો આઘાત એ લાગ્યો કે અઠવાડિયા અગાઉ જ બા એ કમળીને બે દાડા રહી જવા માટેનો સંદેશો મોકલ્યો હતો. કદાચ 44 વર્ષની એકલી વિધવાને પોતાના કોઈ દુઃખને દીકરી

૨. દાહ – પૃષ્ઠ નં- 33,34

આગળ હળવું કરવું હશે. કમળીએ પતિને ડરતા ડરતા બા પાસે જવાની વાત કરી ત્યારે જવાબ ના હતો. અને બીક તો એવી કે બીજીવાર પૂછી જ ન શકી. અહીં સ્ત્રીની કેવી લાચારી કે જે પુરુષનું પડખું સેવે છે. જીવનની ધર્મચારણી છે. બંને એકબીજાના સુખ દુઃખના સાથી છે. માત્ર કમળીને પોતાની બાને મળવા જવું છે ત્યાં જવાની રજા માંગતા પણ ડરે. અહીં કિરીટ દુધાતની વાર્તા 'બાયું' યાદ આવે છે. બાના મૃત્યુની અગ્નિ જ્વાળાનો દા કમળીની સંવેદનના જગતને ભાવમય કરી મૂકે છે. અગ્નિમાં રાખ બની ચૂકેલીમાં માની પીડા આજે પણ એક દીકરીના જીવનને રાખ માય કરી મૂકે છે.

શ્રી હિમાંશી શેલતનો અંતરાલ પ્રથમ વાર્તાસંગ્રહ હોવા છતાં વાર્તામાં વિષય-વૈવિધ્ય વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. શોષણનો ભોગ બનતી તેમજ અત્યાચારોથી પીડિત નારીને પ્રત્યક્ષ નિહાળીને તેની વેદનાને આત્મસાત કરી છે. આથી જ તેમની વાર્તામાં નારીસંવેદના નારીના આગવા રૂપને રજૂ કરે છે. જે આસ્વાદ્ય અને નોંધપાત્ર બની રહે છે.

## ❖ અંધારી ગલીમાં સફેદ ટપકા:

'અંધારી ગલીમાં સફેદ ટપકા' લેખિકાનો દ્વિતીય નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. આ વાર્તાસંગ્રહ તેમના બાને અર્પણ કરતાં તેઓ કહે છે:

"મારા સહુથી નિકટની મિત્ર
બાને –
જેની વેદના સમજતાં અને પામતાં

હું બીજાં કેટલાયની વેદના સુધી પહોંચી શકી."૪૧

પ્રસ્તુત વાર્તામાં કુલ 23 વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહની પ્રસ્તાવનામાં હિમાંશીબેન લખે છે કે " આ સંગ્રહની કેટલીક વાર્તાઓમાં હું આખી ઠલવાઈ ગઈ છું એના સર્જન દરમિયાન આનંદ અને રોમાંચની અને સર્જન ઊંડા પરિતોષની લાગણીને અનુભવી છે. મને મળેલું એ મોટામાં મોટું પારિતોષિક લેખો છું" ૩ નારીચેતનાને સંવેદનાને આલેખતી  વાર્તાઓમાં -

- સુવર્ણ ફળ
- સંમોહન
- અજાણ્યો
- સમય
- જવનિકા
- કાલ સુધી
- બળતરાના બીજ
- છાત્રીસમે વર્ષે ઘટનાની પ્રતીક્ષા
- અંધારી ગલીમાં સફેદ ટપકાં .... વગેરેનો સમાવેશ થાય છે

❖ **સુવર્ણફળ**

'સુવર્ણફળ' - વાર્તા પ્રથમ સ્થાન પામે છે.  અહીં સુમિત્રા અને વત્સલા એમ બે નારીના મનોભાવોને આલેખાયા છે.  સુમિત્રા અને વત્સલા એકમેકનો આધાર બનીને જીવતી નારીની મનોજગતની એકલતા વાર્તાનું હાર્દ છે.  વત્સલા 43 વર્ષની ઉંમરે ડિવોર્સિસ ચંદ્રવદન સાથે લગ્ન કરવાનું નક્કી કરે છે.  સુમિત્રા આટલી ઉંમરે લગ્ન કરવાની પરિસ્થિતિનો સ્વીકાર કરી શકતી નથી.  સુમિત્રા મનોમન વિચારે છે કે જો વત્સલા જતી રહેશે તો એકલતાનો ભાર હું કેવી રીતે જીલી શકીશ.  મોટી ઉંમરે વત્સલા લગ્ન કરે છે અને અંત ફરી દુઃખ આવે છે.  સુમિત્રા વત્સલાને કહે છે જઈશ નહીં પાછી એને ત્યાં એનો પૈસો અને સગવડ એની પાસે આપણને શું દુઃખ છે હું તો એટલે જ પહેલેથી ના કહેતી હતી કે માણસને પુરા ઓળખ્યા વગર ને માણસ કંઈ ચીભડું છે કે

૩.અંધારી ગલીમાં સફેદ ટપકાં – પૃષ્ઠ નં -૩

ચાખી જોવાય. રહીશું બંને બહેનો સાથે એ મનોમંથન વત્સલાને કહેતી રહી પેલા કલ્પવૃક્ષનું એ સાવ નાનું સુવર્ણફળ અણધાર્યું જ એના હાથમાં આવી પડયું હતું. આમ સુવર્ણફળ પ્રાપ્ત કર્યાની અનુભૂતિ સુમિત્રાને થાય છે. બંને બહેનો એકમેકનો આધાર છે. સમગ્ર વાર્તા પ્રતિકાત્મક રીતે રજૂ થઈ છે.

- **સંમોહન**

  વાર્તામાં કથાનાયિકા આભાના મનના ભાવોની વાત કરવામાં આવી છે. આભાના મનમાં પતિ અનિરુદ્ધ માટે અતિ પ્રેમ છે. પતિ અનિરુદ્ધનું વ્યક્તિત્વ સંમોહક છે. તેને જોઈને લોકો સહેલાઈથી અંજાઈ જાય છે. આભાના દાંપત્ય જીવનની ઉપલી સપાટી તો સૌ કોઈને સુંદર, ખુશ અને સોનેરી બુટા જેવી ઝગમગતી લાગે છે. પરંતુ કથાનાયિકાનું અંગત જીવન તો સંતૃપ્તિની આશામાં અતૃપ્ત જ જણાય છે. અનિરુદ્ધનું જાહેર જીવન સૌને મોહક કરી નાખનારું છે. પણ દુનિયાને મોહક કરી નાખનાર પતિ અનિરુદ્ધ તેની પત્ની આભાના અંગત જીવનમાં સમ્મોહકતા જગાવી શકતો નથી. આથી જ " ચોમેર દબાયેલા, હાંફતા, ઉત્તેજક શબ્દો અને વચ્ચે એકલી આભા. બધાં કહે છે કે અનિરુદ્ધ તો સમૂહનો માણસ છે. એટલે જ કદાચ એકાંતમાં એ સંકોચાઈ જાય છે.''૪ સંમોહન વાર્તામાં આભાનો પતિ અનિરુદ્ધને જોતા સર્વને મોહ પમાય છે. જ્યારે નાયિકા આભાના જીવનમાં સુખ આપી શકતો નથી. વાર્તાનું કેન્દ્રબિંદુ નારીની ચેતનાને ઉજાગર કરતું જણાય છે.

- **સમય**

સમય વાર્તામાં છુટાછેડા લીધેલ કથાનાયિકાના જીવનમાં દસ વાગ્યાનો સમય એકલતા ભરી દે છે. વાર્તાનાયિકાએ પતિ નરેન્દ્રથી ડિવોર્સ લીધા છે. ડિવોર્સ લીધા પછી સ્વતંત્રતા

૪.અંધારી ગલીમાં સફેદ ટપકાં – પૃષ્ઠ નં -૩૪

મળી છે એવો દેખાવ કરતી નાયિકા મનોમન દુઃખી છે. ડિવોર્સ પછી પણ પતિ સાથે વિતાવેલી ક્ષણો યાદ કરી એકલતાનો અનુભવ કરે છે. વાર્તામાં નાયિકા એના

ભૂતકાળના સમયને ભૂલી શકતી નથી. પતિ સાથે વિતાવેલો સમય તેને વારંવાર યાદ આવે છે. તેથી તે દુઃખી અને નિરાશ થઈ જાય છે. સમય શીર્ષક સાર્થક થતો જણાય છે.

- **'અંધારી ગલીમાં સફેદ ટપકા'**

નવલિકામાં વિધવાની સમસ્યાને તીવ્રતાથી ઉપસાવી આપી છે. નેપાળની ટૂરમાં નીકળેલી નાયિકા વચ્ચે રોકાણ દરમિયાન પૂર્વે પરિચિત સુલક્ષણા પાર્વતીને વિધવા-સદનમાં મળવા આવે છે.  એક મોટા ખંડમાં શેત્રંજી પર સફેદ રંગના નાના-મોટા ટપકા ગોઠવાયા હતા એણે ચશ્મા સરખા કર્યા કોઈ ઘટ્ટ અવાજે શ્રીકૃષ્ણ શરણમ મમથી શરૂઆત કરી સાડીઓનો અવાજ કાનમાં મુંઢ માર જેવો વાગ્યો.  વિધવા સદનમાં વિધવાઓની  દેયનીય સ્થિતિનું વર્ણન કરતી ઉત્તમ વાર્તા છે.  વાસ્તવિક જીવનમાં વિધવાઓની આ વાત તીર્થધામોમાં જે દયનીય સ્થિતિ હોય છે.  તે હૃદય દ્રાવક હોય છે.  અહીં અંધારી ગલીમાં સફેદ ટપકા શીર્ષક લેખિકાએ સાર્થક કર્યું  છે.

## ❖ એ લોકો :

એ લોકો વાર્તાસંગ્રહમાં કૂલ 21 વાર્તાઓ આપવામાં આવી છે. લેખિકાના ત્રીજા વાર્તાસંગ્રહમાં વાર્તા વિશ્વ બદલાયું છે. હિમાંશી શેલત આ વાર્તા સંગ્રહણી પ્રસ્તાવનમાં નોંધે છે- " ભયાવહ વાતાવરણમાં મે જુદા લોકો જોયા, એમના દુઃખો સાથે વેદનાનો એક અલગ ચહેરો સાવ નજીકથી જોયા પછી ,પોતાની પીડા અંગે એક હરફ પણ ઉચ્ચારી ન શકે એવા મૂંગા માણસોની વિવશતાથી , હું દાજતી રહી છું.''૫

- બારણું

૫ . એ લોક  પૃષ્ઠ નં- ૪

- ચૂડેલનો વાંસો
- નિકાલ
- શાપ
- ખરીદી
- કિંમત

- જીવવાની રહી ગયેલી ક્ષણો ..........વગેરે નારીસંવેદનાને વ્યક્ત કરતી નવલિકાઓ છે.

❖ **બારણું**

વાર્તા દ્વારા એ લોકની નવી વાસ્તવિકતા સવલીના પાત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે ગરીબ કુટુંબમાં જન્મેલી સાવલી એક અલગ મિજાજમાં જ જીવતી હોય છે. પરંતુ ગરીબીની ભીંસમાં તેની કુદરતી હાજત માટેની સગવડ થાય એ ઇચ્છા પણ પૂરી થવા દેતી નથી. સંડાસનું નાવણિયું કે ખુલ્લામાં બધાની અવરજવરની શક્યતામાં કુદરતી હાજતે જવાનું સવલીને કંપાવી મૂકે છે. જ્યારે સવલીના પરિવારજનો અને તેના જેવડી છોકરીઓ સહજ જઈ શકે છે ને સહજ જઈને આવે છે. કોઈ આવશે, કોઈ જોઈ જશે ના ડરથી સવલી બે ચાર દિવસે મા પરાણે મોકલે ત્યારે માંડ જઈ શકતી. સવલીને ફિલ્મમાં જોયેલા લીસી લાદીવાળા બાથરૂમની કામના રહેતી, જેમાં એક વાર પ્રવેશ્યા પછી કોઈના આવી જવાનો ડર ન રહેતો સવલીની આ ઝંખના તેના જીવનને ઘોર અંધકાર ભણી દોરી જાય છે. મેળામાં બીજી છોકરીઓથી વિખૂટી પડેલી સવલીને અજાણી સ્ત્રી ઘરના બદલે બીજી જ જગ્યાએ પહોંચાડે છે . અહીં સાવલીને કુદરતી હાજતે જવા માટે પેલી સ્ત્રી જે બાથરૂમ દેખાડે છે તે જોઈને સવલી સિનેમાની સ્વપ્નસૃષ્ટિમાં પહોંચી જાય છે. આ આનંદ તેને નર્કની સૃષ્ટિ તરફ દોરી જાય છે. અત્યાર સુધી માની છાત્રાલયમાં રહેલી સવલી રૂપ બજારમાં બંધ થઈ ગઈ હોય તેવું ન કહેવા છતાં સુગ્ન ભાવક સમજી જાય છે. મહાનગરોમાં ઝૂંપડિયોમાં વસ્તી આવી કેટલીય સવલીઓને બારણાઓમાં અનિચ્છાએ બંધ કરવામાં આવી હશે. સમાજના ઉચ્ચ વર્ગના પૈસાદાર વર્ગ તરફ લેખિકાએ કટાક્ષ કર્યો છે

### ❖ સાંજનો સમય :

'સાંજનો સમય' વાર્તાસંગ્રહમાં કૂલ 19 વાર્તાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાસંગ્રહમાં લેખિકાએ આધુનિક માનવની બદલાયેલી જીવનશૈલી રજૂ કરી છે.

- થાક,
- ચાલી નીકળવું,
- આક્રમણ,
- તણખો,
- પ્રમપત્ર,

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

- સાંજનો સમય

ઉપરોક્ત વાર્તાઓમાં નારીચેતના-સંવેદના વર્ણવામાં આવી છે .

❖ થાક:

થાક વાર્તામાં નાયિકને શારીરિક થાક નહીં પણ અહી મનનો થાક છે. દેવકાન્ત સાથે લગ્ન કરી નાયિક મનોમન દુઃખી થાય છે. દુઃખનું કારણ પતિ દેવકાંતના જીવનમાં આવેલ અન્ય સ્ત્રી છે. પત્ની હોવા છતાં પતિનો પ્રેમ પામી શકતી નથી. અહી ‘થાક’ શીર્ષક સાર્થક થતું જણાય છે.

❖ **સાંજનો સમય** :

‘સાંજનો સમય’ નવલિકામાં કથાનયિકની દરેક સાંજ તેની વ્યથા અને પીડાનું કારણ બને છે. નાયિકનો પતિ કાકુ રોજ સાંજે ઘરની બહાર નિકળી જાય છે. તેની નોંધ તેની જ નાની દીકરી નિન્ની પણ લે છે. એક દિવસ નિન્નીના ફોઈની દીકરી મામાને મળવા આવે છે. સાંજનો સમય હોવાથી પૂછી બેસે છે મામા ઘરે નથી?

“મામા કયાં ગયા રવિવારે સાંજે તે? ૬

૬ સાંજનો સમય પૃષ્ઠ નં . ૧૩૮

માતા સાવ ધીમા અવાજે કહે છે : “હિરાબાગ સર્કલ સામે જ શિવમ એપાર્ટમેન્ટ છે.

તરત જડશે તને, રસ્તેથી જ દેખાય છે. ત્યાં કોણ રહે છે એ ન તો મમ્મી બોલી, ન તો નિન્નીએ પૂછ્યું”૨ નિન્ની ત્યાં પહોંચે છે અને નામ વાંચે છે ડૉ. વિઠ્ઠલ દવે . દરવાજો ખૂલે છે. ત્યારે પિતા આરામદાયક ખુરશીમાં બેઠેલા જોઈને દીકરીને જે માન હતું એ એક જ ક્ષણમાં બળીને ભસ્મ થઈ ગયું. દીકરી માતાની વ્યથાને પામી જાય છે. એકલતા અને અવમાનની પીડાને પ્રમાણતી દીકરી માની એકાકી સાંજને સભર કરવા મથે છે.

## ❖ ‘ખાંડણિયામાં માથું’

‘ખાંડણિયામાં માથું’ વાર્તાસંગ્રહમાં 2002ના ગુજરાતના હુલ્લડ ઉપડેલા તે પરિસ્થિતિનો ચિતાર આપવાનો યત્ન લેખિકાએ કર્યો છે. વાર્તાસંગ્રહની પ્રસ્તાવના

'પથને અંતે'માં લેખિકા નોંધે છે કે, અંતરાલથી 'ખંડણિયામાં માથું'- વીસેક વર્ષની આ સફર . "વાર્તાને ચાહી છે અને ચાહું છું એના થકી જે કંઈ પ્રાપ્ત થયું છે એ મૂલ્યવાન છે કેટલી વાર જાણે એક સામટાં અનેક જીવન જીવતી હોવ એવી લાગણી થઈ છે અને એમાં મારી અંગત પીડાઓ વહી ગઈ છે. વાર્તા મારો આધાર બની છે એટલે જ એનું કોઈ નવીન અને અત્યાર સુધી અપરિચિત રહેલો રોમાંચક રૂપ મારી સામે ઉઘડે તેવી ઘડીની પ્રતીક્ષા કરવાનું ગમે....... અવશ્ય ગમે." ૭

ખાંડણિયામાં માથું વાર્તા સંગ્રહનો મુખપૃષ્ઠ જ ખાંડણીયામાં મુકેલ નારીના ચિત્ર દ્વારા નારીની વ્યથાનો સંકેત કરી આપે છે. આ વાર્તાસંગ્રહ લેખિકાએ વાર્તાચાહકો અને વાર્તાવિવેચકોને અર્પણ કર્યો છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં 19 વાર્તાઓનો સમાવેશ થાય છે.

૭. ખાંડણિયામાં માથું પૃષ્ઠ નં. ૫

જેમાંથી નારીસંવેદનાને વ્યક્ત કરતી વાર્તાઓ નીચે મુજબ છે.

- રેશમી રજાઈમાં બાકોરું
- એકવનમો એપિસોડ
- સજા
- પચ્ચીસમી જાન્યુઆરી
- ખાંડણિયામાં માથું

❖ **સજા** :

'સજા'વાર્તામાં લેખિકા હિમાંશી શેલતે નાયિકા લતાની ચેતના, વેદના અને પીડાનો ચિતાર આપ્યો છે. બે પક્ષોના ટોળાઓ સામસામે માનવ હત્યા કરે છે. લતાનો પતિ નરેશ પણ આ ટોળામાં સામેલ છે. એક દિવસ નરેશ લતાને ધકેલીને ભાગ્યો, જીવન મરણનો સવાલ હોય એમ એ ભાગ્યો હતો. ખાલી હાથ નહીં માળિયામાંથી બાપાનું કટાઈ ગયેલું ધાર્યું લઈને એવું બોલતા કે આ ફેરો લાગમાં આવેલા છે તે પતાવી જ દો. ઘરે આવીને આખા મહોલ્લાના પુરુષો જીતના નશામાં હતા. ઘરે સ્ત્રીઓને કોઈએ માહિતી આપી નહીં છતાં ખૂણે ખૂણે સમાચાર પહોંચી ગયા કે પેલા ભાગતા અગિયારને આગમાં બાઈઓ.. આવી વાતો કરતા પુરુષને લતા સાંભળી જાય છે. જેમાં તેનો પતિ નરેશ પણ સામેલ છે. તેનું મન વિચારે ચડી જાય છે. તે નરેશને

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પરણી ત્યારે તે સૌથી વધુ નસીબદાર માનતી હતી. થોડા દિવસો પછી નરેશ ફરી એક રાતે ઘરે ન આવ્યો. પહેલા ટોળામાંથી એક બાઈ બચી ગઈ હતી તેણે ફરિયાદ કરી છે કે બધાને ઓળખી દેખાડુ. થોડા દિવસો પછી ખબર પડે છે કે કોઈએ ફરિયાદ નથી કરી. આથી સંતાયેલા મૂછાળા ફરી બહાર આવ્યા નરેશ પણ પહેલા ટોળામાં સામેલ હતો. પેલી ગર્ભવતી સ્ત્રીને વીંખતા, પીંખતાં,ચૂંથતા સહેજ પણ ખચકાયો ન હતો એ જાણી લતાની પીડા વધતી જાય છે. તેનો પતિ હોવા છતાં હવે તેને સાથે રહી શકે તેમ નથી. અંધકાર રાત્રિમાં તે ઉત્તેજિત શ્વાસ સાથે ઘરની બહાર નીકળી જાય છે. અંદર ઓરડીમાં કેદ થયેલો નરેશ ગાળો સમેત પોતાનો ક્રોધ ઠાલવી રહ્યો હતો. પણ આ આદમીને અડવાઈ ન દેવાય. બહાર પડેલી ખાટલીમાં લતા એ સફાઈ આદરી ગોદડી ઝાટકી વળગણી પરથી ચાદર લીધી અને જૂની ચાદર બદલી. ઓશિકાની ખોળ પણ નવી નાખી. જૂની ચાદર બદલી ઓશીકાની ખોળ પણ નવી નાખી સંદર્ભ દ્વારા લેખિકાએ લતાના જીવનની નવી દિશા સૂચવી છે. એ એવા પુરુષ સાથે રહેવા નથી માંગતી કે જેનામાં લાગણી જેવું તત્વ જ ન હોય. લતા પોતાની જાતને બળાત્કાર પામેલી સ્ત્રીની જગ્યા પર મુકતા હચમચી ઊઠે છે. એક નારી જ નારીસંવેદના અને પીડાને અનુભવી શકે છે. અહીં સજા માત્ર મૃત્યુ પામેલ સ્ત્રીની નહીં પણ અહીં સજા જીવતી જાગતી લતા ભોગવી રહી છે અહી શીર્ષક સાર્થક થાય છે.

- **પચીસમી જાન્યુઆરી**

  25મી જાન્યુઆરી નવલિકામાં 25મી જાન્યુઆરીના રોજ એક નારી સાથે ખરાબ કૃત્ય થયું તેની હૃદય દ્રાવક વેદના વર્ણવી છે.

- **'ખાંડણીયામાં માથું'**

ખાંડણીયામાં માથું' નવલિકાનું શીર્ષક પ્રતિકાત્મક છે. ઘણી વખત બધું જાણતા હોવા છતાં એ પરિસ્થિતિમાં આવી જઈએ છીએ. વાર્તામાં નાયિકા સામાજિક સેવાકાર્ય કરતી એક સંસ્થામાં કામ કરતી હોય છે. જે પરણીત પુરુષના પ્રેમમાં બંધાય છે. આ સંબંધમાં તેને નાનપ લાગતી નથી. પરંતુ હું તેને ચાહું છું એ વાત જાહેર કરવામાં મને કશી શરમ નથી. નાયિકા સેવાકાર્ય અર્થે સેક્સવર્કસ પાસે જાય છે. ત્યાં સુનીતાની સમસ્યા જાણવા અને સુલજાવા ગયેલી નાયિકા ખુદ વિશે જુદી જ અનુભૂતિ કરે છે. સુનીતા નામની વેશ્યા એક

પરણીત ગ્રાહકના પ્રેમમાં પડી હોવાથી બીજા કોઈને પોતાનું શરીર અડવા ન દેવું તેવું મક્કમતાથી કહે છે. સુનીતા સાથેના આ આખા વાર્તાલાપ દરમિયાન નાયિકાને લાગે છે કે આ માત્ર સુનિતાની નથી પોતાના જીવનની પણ કઠોર કડવી વાસ્તવિકતા છે. નાયિકા સુનીતાને પેલાના ઘરમાં બેસી જવાનું કહે છે ત્યારે, " પરંતુ એ પુરુષની પત્નીને વગર વાંકે શા માટે તેના ઘરમાં બેસીને હેરાન કરવી?'' ૮ સુનિતાના જવાબથી નાયિકા વિચારમાં ગરકાવ થઈ જાય છે. "આવી કંટાળી કેડી પર ચાલવાની મુશીબત તો ખરી જ એટલા કાંટા હોય કે કેવી રીતે આગળ વધવું એની સતત વીમાસણ, મૂળ તો આવા રસ્તા પર અવાય જ નહીં પણ આવી જ ગયા તો પછી શું? ''94 નાયિકાના જીવનમાં એકદમ હતાશા ફરી વળે છે. પોતે પરિણીત પુરુષના પ્રેમમાં છે. હિંમત ભરી વાતો કરનારી નાયિકા મનોમન આ સંબંધની વિફળતાથી નિરાશ અને હતાશ થઈ જાય છે. આ પીડા કોઈને કહી પણ શકતી નથી કારણ કે પોતાની જાતે જ પોતાનો માથું ખાંડણીયામાં મૂકી ચૂકી હોય છે. અહીં 'ખાંડણીયામાં માથું' મૂકી ચૂકેલી કથાનયિકની સંવેદના આલેખાઈ છે.

### ❖ ગર્ભગાથા'

'ગર્ભગાથા' વાર્તાસંગ્રહમાં લેખિકાએ નારીના જીવનની સમસ્યાને કેન્દ્રમાં રાખી છે. આ સંગ્રહની વિશેષતા એ છે કે તેમાં દરેક વાર્તા પૂર્વે અદભુત ચિત્ર આપવામાં આવ્યા છે. આ ચિત્ર જ નારીની સમસ્યાઓનું સ્પષ્ટીકરણ કરી દેતા જણાય છે. ગર્ભગાથામાં નારીની ચેતનાને વ્યક્ત કરતી વિવિધ વાર્તાઓ જોવા મળે છે.

- મૃત્યુદંડ
- છેક આવો માણસ
- સાતમો મહિનો
- ગર્ભગાથા
- 'મૃત્યુદંડ'

**૮ ખાંડણીયામાં માથું પૃષ્ઠ નં . ૧૪૩**

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

❖ **'મૃત્યુદંડ'**

એક પ્રતિકાત્મક વાર્તા છે. વાર્તામાં મૃત્યુની સજા ખરેખર સજા ધનંજય અને જગ્નુને થાય છે. પણ તેની તીવ્ર વેદના અનુભવતી વિધવા લાખી અને વાર્તાના માતા ધનવંતી વાર્તાના કેન્દ્ર સ્થાને છે. જગ્નુને મૃત્યુ દંડની સજા અપાય છે. અહી મોતની સજા લખી અને ધનવતી ભોગવી રહી છે એવું તે અનુભવે છે.

❖ **'સાતમો મહિનો'**

' સાતમો મહિનો' વાર્તામાં ભોપાલથી ફૂફીને ત્યાં રજીયા આવેલી છે. પરણિત રજીયાના પેટમાં બાળક પલી રહ્યું છે. ધડબડાટીના અવાજથી સર્વે બારીબારણાં ફટાફટ બંધ કરી દીધા છે. અવાજો નજીક સંભળાવવા લાગે છે. 'સાતમા મહિને' રજીયા મૃત્યુ પામે છે. શહેર છોડીને કામ માટે દૂર ગયેલા આદમીઓ પાછા આવવા લાગ્યા. પોલીસ આવે છે પૂછે છે મરનાર બે જ છે ને ત્યારે આદમી એ જરા મોટા અને સાફ અવાજે કહ્યું, "બીવી કો સાતવા ચલ રહા થા બચ્ચા થા પેટ મેં, મેરી ઓલાદ, છે મહિને કી" ૧૧ કોમી તોફાનોમાં સ્ત્રી પર થતા બળાત્કારની વાત છે. સામૂહિક બળાત્કારનો ભોગ બનતી રજીયા . આ સાત મહિનાના ગર્ભવાળી સ્ત્રીનો સામાન્ય દિવસોનો અનુભવ કે મુશ્કેલીમાં કોઈ પણ કોમના લોકો મદદ કરે જ. વાત વ્યક્તિના હાથમાંથી ટોળા પાસે જાય ત્યારે જ પ્રશ્નો વકરે છે.

❖ **' ગર્ભગાથા'**

'ગર્ભગાથા' મૂળ 'અસ્તિ' શીર્ષક સાથે ગદ્યપર્વમાં પ્રગટ થયેલી. આ વાર્તાસંગ્રહનું નામકરણ પણ 'ગર્ભગાથા' વાર્તા પરથી જ છે. આ સંગ્રહ વિશે શરીફા વીજળીવાળા નોંધે છે " સ્ત્રી અને માતૃત્વ સાથે વણાયેલી વાર્તાઓ એક જ સંગ્રહમાં મૂકી શકાય તો ઠીક થાય." ૯ સમગ્ર વાર્તામાં ભૃણહત્યા ન કરવા પ્રતિરોધ કર્યો છે. નારી જીવનની વિભીષિકાના વર્ણન સાથે સ્ત્રી હૃદયના સૂક્ષ્મ સંવેદનોને સર્જકે વાચા આપી છે.

❖ **'ઘટના પછી'**

'ઘટના પછી' આઠમો નવલિકાસંગ્રહ છે. જેમાં કુલ ૧૪ વાર્તાઓનો સમાવેશ થયો છે. 'ઘટના પછી' સંગ્રહમાં ગુજરાતમાં થયેલ હુલ્લડોથી સર્જાતા માનવ મનના તીવ્ર સંવેદનો

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

વાર્તાઓને સંગ્રહિત કરવામાં આવ્યાં છે. આ ઘટનાને નરી આંખે નિહાળનાર લેખિકા નિવેદનમાં કહે છે : "શુદ્ધતા પ્રેરક ઘટનાઓ પછી સર્જાયેલા વમળો અને એ વમળોથી ઉત્પન્ન થયેલા પ્રબળ સંવેદનો 14 વાર્તાઓના મૂળમાં છે. કેટલીક ઘટનાઓ જો મારી જાણ બહાર રહી હોય તો આમાંની મોટાભાગની વાર્તાઓ કદાચ ન લખાય હોત એ કબુલ કરીશ.''102 'ઘટના પછી' વાર્તા સંગ્રહમાં નારીચેતના વિષયક વાર્તાઓ નીચે મુજબ છે.

- સમજ
- સુવર્ણપત્ર

➢ **સમજ**

કુમાર સામાયિકમાં પ્રકાશિત થયેલ 'સમજ' વાર્તામાં કૃપાના વર્તનની અને સમજની વાત કરવામાં આવી છે.

➢ **' સુવર્ણપત્ર'**

' સુવર્ણપત્ર' વાર્તામાં નાયિકા વિમળાના સંવેદનો નિરૂપાયા છે.

૯ . હિમાંશી શેલત અધ્યયન ગ્રંથ – પૃષ્ઠ નં. ૧૫૬

આમ , હિમાંશી શેલતની વાર્તાઓમાં નારીની સંવેદના, વેદના, પીડા, અને વ્યથા વિશેષ નિરૂપાયેલ જોય શકાય છે.

❖ સંદર્ભ ગ્રંથ:

૧. અંતરાલ : લે. હિમાંશી શેલત

પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ
દ્વિતીય આવૃત્તિ -2007

૨ . સાંજનો સમય : લે. હિમાંશી શેલત

પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ -2002

3. એ લોક : લે. હિમાંશી શેલત

પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પુનર્મુદ્રણ -1999

4. અંધારી ગલીમાં સફેદ ટપકાં : લે. હિમાંશી શેલત

પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય , અમદાવાદ
દ્વિતીય આવૃત્તિ -1998

5. ખંડણીયમાં માથું : લે. હિમાંશી શેલત

પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ -2004

6. ઘટના પછી : લે. હિમાંશી શેલત

પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,અમદાવાદ
પ્રથમ આવૃત્તિ -2011

7. ગર્ભગાથા : : લે. હિમાંશી શેલત

પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ -2002

8. હિમાંશી શેલત અધ્યયન ગ્રંથ : સં. શરીફા વીજળીવાળા

પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ – 2018